સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

ભરી એકતાના ડેમમાં ગાબડાં પડે છે
કડક શિસ્તનાં રાંઢવા નબળાં પડે છે
થયા છે શરૂ દાવપેચ પેટાચૂંટણીના -
અનુભવીઓનાં ગણિત અવળાં પડે છે

હાઈકુ

જ્ઞાતિ પ્રવાહે
તણાય રાજકારણ
ડૂબ્યો વિકાસ!

ધાક ને દંડે
દલિત ઘંટૂડીયે -
દળાય મત !?

ચિંતન

આપદ: સંપદ: કાલે દૈવાત્ એવ ઈતિ નિશ્ચયી ।
તૃપ્ત: સ્વસ્થેન્દ્રિય: નિત્ય ન વાંછાતિ ન શોચતિ ॥

ઉપરોક્ત શ્લોક અષ્ટાવક્રગીતામાંથી લેવામાં આવેલ છે.

વિપત્તિ કે સંપત્તિ દૈવયોગે સમય સમય પર આવ્યા કરે છે, એમ જે નિશ્ચયપૂર્વક જાણે છે તે તૃપ્ત અને સ્વસ્થેન્દ્રિય રહી, નથી કદી કંઈ ઈચ્છા કરતો કે નથી શોખ કરતો.

સામાન્ય રીતે માણસમાં ધીરજ હોતી નથી ને બધું ઝટપટ પોતાની રીતે આટોપી લેવું હોય છે. પરંતુ એ નથી જાણતો કે આખરે સર્વની નિયંત્રણશક્તિ નિયતિ છે ને નિયતિ પ્રમાણે જ બધું થતું રહે છે. એમાં આપણી ઉતાવળ કે ધીરજ, કાંઈ કામ આવતું નથી.

પુરુષાર્થના ગુણગાન ગનારા પ્રારબ્ધને વખોડી નાખે છે, પ્રારબ્ધવાદીને આળશુ કરે છે, પણ તેમને ખબર નથી કે તેઓ જે પુરુષાર્થ કરે છે તે પણ તેમના પ્રારબ્ધમાં લખેલો જ છે. તેથી જ કરે છે. આમ ખરેખર તો પુરુષાર્થ પણ પ્રારબ્ધના નિયંત્રણમાં જ છે.

પ્રભુની મરજી એ જ પ્રારબ્ધ. એમાં જેને શ્રદ્ધા છે તે પછી સદાય તૃપ્ત જ છે.

સુવિચાર

- ભય તો માણસના મનની છાયા છે, મનને ઉજ્જવળ કરો તો એ છાયા જતી રહેશે - **રંગ અવધૂત**
- દાસત્વ વિરુદ્ધ સંઘર્ષ એ યુદ્ધનો છેલ્લો મોરચો નથી.
  અંતિમ લડાઈ તો શોષણ વિરુદ્ધની હોવી જોઈએ - **શહિદ ભગતસિંહ**
- ચિત્તમાં કલેશ નહિં તે બધા જ ધર્મોનો ધર્મ - **દાદા ભગવાન**
- પોતે જે સુખ પામ્યો તે સુખ બીજાને આપવાની ભાવના હોય તે સાચો જ્ઞાની,
  જ્ઞાની કદી જંગલમાં ન હોય? - **સંત પુનિત**
- પ્રેમનો દીવો પ્રગટાવવો હોય તો તેમાં ત્યાગનું તેલ પૂરવું પડે છે - **એસ. ભટ્ટાચાર્ય**
- અનુભવની ઊંચી ટેકરી એ ઊભેલા જ દૂરનું જોઈ શકે છે - **જનકલ્યાણ**
- આજનું ઔષધ : કોકમની ચટણી નહીંની મલાઈ સાથે ખાવાથી હરસમાં રાહત થાય છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

રાજાને પોતાની યુવાની પર ઘમંડ હતો. એને એવો વિચાર આવ્યો કે વૃદ્ધોનું તેના રાજયમાં કોઈ કામ નથી. આથી તેણે આદેશ જાહેર કર્યો કે પચાસ વર્ષની ઉપરના તમામને દેશનિકાલ કરવામાં આવે. રાજયમાંથી વૃદ્ધોને દેશનિકાલ કરવામાં આવ્યો. એક યુવાન હતો એને પોતાના પિતા પર ખૂબ પ્રેમ હતો આથી એણે તેને ઘરના એક ઓરણાં છૂપાવી દીધા. એકાદ વર્ષમાં રાજયમાં ભયાનક દુષ્કાળ પડ્યો. લોકો દાણા દાણા માટે તરફડવા લાગ્યા. બરફના પાણી પીગાળવાનો પણ સમય થયો છતાં દાણાનો કોઈ મેળ પડતો નથી. ત્યારે આ યુવાને પોતાના ઘરમાં સંતાડેલા પિતાને આ મુશ્કેલી કહી. વૃદ્ધ પિતાએ સલાહ આપી કે ગામના માર્ગની બંને તરફની જગ્યામાં હળ ચલાવી દો. યુવકે ગામના યુવાનોને વાત કરી પણ કોઈએ સાથ ન આપ્યો. એકલા યુવાને પોતાની રીતે શક્યહોય એટલા માર્ગની બંને તરફ હળ ચલાવ્યું. સમય જતાં બરફ પીગળ્યો અને પાણી હળ ચલાવ્યાની જગ્યા પર ફેલાયું. અને ત્યાં અંકુર ફુટ્યા અને થોડા વખતમાં અનાજ ઊગ્યું. વાત રાજા સુધી પહોંચી. રાજાએ યુવકને બોલાવ્યો અને પૂછ્યું. યુવકે સત્ય વાત કહી દીધી. રાજાએ વૃદ્ધ પિતાને બોલાવ્યા. અને આમ થવાનું કારણ પૂછ્યું, વૃદ્ધે કહ્યું, 'સુકાળમાં જયારે લોકો ખેતરમાં પાકેલું અનાજ ઘરે લઈ જતા હોય ત્યારે તે માર્ગનું આજુબાજુની કાચી જમીનમાં ઢોળાતું તે બીજને પાણી મળતાં તે ઉગી નીકળ્યું છે. વૃદ્ધની વાત સાંભળીને રાજાને પસ્તાવો થયો અને તરત સૌ વૃદ્ધોનો દેશનિકાલ પરત લેવામાં આવ્યો. એને વૃદ્ધોને વિશેષ માન આપવાનું શરૂ કરાવ્યું.'

સમરથ કો નહીં દોષ ગુસાઈ

તંત્રીસ્થાનેથી...

વડાપ્રધાન નરેન્દ્ર મોદી દુનિયાના ખૂણે ખૂણામાં છવાઈ ગયા છે. સરહદો વગરની દુનિયા બની જાય તો જેમ ગુજરાતના મુખ્યમંત્રીનું પદ છોડી ભારતના વડાપ્રધાન બનવા ચાલ્યા ગયા હતા એમ 'વિશ્વ પ્રમુખ' બનવા ભારતનું વડાપ્રધાનપદ પણ છોડી દેતાં વાર ન લગાડે - એવું સર્વાશ્લેષી અને મહત્ત્વાકાંક્ષી વ્યક્તિત્વ છે એમનું. ભારતની પ્રજાએ ઘણા નેતાઓ જોયા છે. ટિળક અને ગાંધીજીથી લઈ નહેરુ, સરદાર, મોરારજી, ઈંદિરા ગાંધી... અટલબિહારી વાજપેયી, એ શ્રેણીમાં કયાંક ભૂલથી નરસિંહરાવ જેવા વિદ્વાન અને ડૉ. મનમોહનસિંહ જેવા પ્રકાંડ અર્થશાસ્ત્રી પણ આવી જાય, રાજીવ ગાંધીને તો રાજકારણમાં મુદ્દલ રસ નહોતો અને સોનિયા ગાંધી તો રાજકારણને ધિક્કારતા હતા -આ બધી લાંબી યાદીમાં જયારે ગુજરાતના અકિંચન ગ્રામીણ પરિવારના એક ફરજંદનું નામ ઉમેરાય ત્યારે આપણને પ્રથમ દૃષ્ટિએ તો એ માન્યામાં જ ન આવે. નરેન્દ્ર મોદી તો સ્વયંસેવક હતા, એ રાજકારણમાં આવ્યા તે તો ભારતીય જનતા પાર્ટીના સૈદ્ધાંતિક નિયમને અનુસરીને સંઘના કાર્યકરની હેસિયતથી. પરંતુ આવતાંની સાથે જે રીતે છવાઈ ગયા એમાં એમની વાક્છટા અને સંગઠન શક્તિ - ઉભયનો સુમેળ સધાયો હતો. એ આમજનતાને વધુ પોતીકા લાગતા હતા, એ કારણસર. મોદી હવે ફક્ત ભારતના નેતા નથી રહ્યા. અગાઉના આપણા વડાપ્રધાનો પૈકી પંડિત જવાહરલાલ નહેરુ જેવા જ એ લોકલાડીલા વિશ્વનેતા બની ચૂકયા છે. એમને જયાં જાય છે ત્યાં સન્માનના સર્વોચ્ચ ઉપહાર સાંપડતા રહે છે. આટલાં બધાં સન્માન પંડિત નહેરુ કે ઈંદિરા ગાંધીને પણ નહોતાં સાંપડ્યાં. અટલ બિહારી વાજપેયીની વાક્છટાથી આખી દુનિયા અંજાતી રહી, પરંતુ એમનામાં મોદી જેવી વ્યૂહાત્મક રાજનીતિની આવડત નહોતી. એમને યુનોમાં હિંદીમાં ભાષણ કરીને ભારતીય અસ્મિતાનો અહેસાસ જરૂર કરાવ્યો હતો. મધ્યમ કક્ષાના કવિ પણ હતા. પરંતુ રાજકારણના માણસ જ નહોતા. મોદી કયારેક એવું બોલેલા કે હું મૂળે રાજકારણનો માણસ જ નથી, પરંતુ એ બરાબર નહોતું. મોદીથી મોટો રાજકારણી કદાચ દેશ બલકે દુનિયાએ જોયો હશે કે કેમ એવી શંકા જાગે છે. નબળી પડેલી અર્થવ્યવસ્થા વચ્ચે તેઓ અમેરિકાના પ્રમુખની હાજરીમાં 'હાઉડી મોદી' જેવી ભવ્યાતિભવ્ય ઈવેન્ટનું આયોજન કરાવી શકે છે. ઘર આંગણે નર્મદા પૂજન કરે છે, ગાંધીવિચારના મુદ્દાઓ પકડી ગાંધી સાર્ધશતાબ્દી ઊજવી શકે છે - ગાંધી સાથે દીનદયાળ ઉપાધ્યાયના એકાત્મ માનવવાદને જોતરી શકે છે. ઉદ્યોગપતિઓ, વેપારીઓ અને ખેડૂતોથી લઈ સરકારી કર્મચારીઓને રાજી રાખવા બજેટલક્ષી સુધારા કરાવી શકે છે. કાશ્મીર પ્રશ્નનો લોકોને ગમે તેવો ઉકેલ અને મુસ્લિમ મહિલાઓની તીન તલાક મુક્તિનો નિર્ણય મોદી સિવાય કોણ કરી શકે એમ હતું ? એટલે હવે રાહુલ ગાંધી - સોનિયા ગાંધી કે શરદ પવાર - મમતા બેનરજીની સાચી વાતો પણ પ્રજાને બખાળા અને કારણ વગરના લોહી ઉકાળા જ લાગે તો નવાઈ નહીં. તુલસીદાસે માનસમાં કહ્યું છે તે મોદી સંદર્ભે કેટલું સૂચક અને સાચું લાગે છે ! 'સમરથ કો નહીં દોષ ગુસાઈ !'

હિન્દુ ઉત્તરાધીકારી અધિનિયમ ૧૯૫૬ની કલમ ૮ મુજબ વિધવા મહિલાને મિલ્કતમાં ભાગ મળે

કાયદો અને કાનૂન

અશ્વિન ત્રિવેદી

ભારતના બંધારણની જોગવાઈઓ મુજબ મહિલાઓને વધુમાં વધુ અધિકારો આપી તેમનું શોષણ અટકાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. મહિલાઓના અધિકાર માટે **"The Hindu Adoption and Maintenance Act 1956"** ગુજરાતીમાં કહીએ તો "ધ હિન્દુ દત્તકગ્રહણ અને સારસંભાળ અધિનિયમ ૧૯૫૬" ની કલમ ૧૯ માં જણાવ્યા મુજબ જો વિધવા મહિલા પોતાની કમાણીમાંથી અથવા મીલ્કતમાંથી પોતાનું ભરણપોષણ કરવા સક્ષમ ના હોય અથવા મહિલા પાસે પોતાની મીલ્કત ના હોય અથવા મહિલા પોતાના પતિની મીલ્કતમાંથી કે પોતાની મીલ્કતમાંથી કે પોતાના પીયરમાંથી ભરણપોષણ મેળવી શકતી ના હોય તેવા સંજોગોમાં મૃતક પતિના પિતા એટલે મહિલાના સસરાએ વિધવા મહિલાની કાળજી લેવી જોઈએ.

ધ હિન્દુ દત્તકગ્રહણ અને સારસંભાળ અધિનિયમ ૧૯૫૬ ની કલમ ૨૧(૩) માં જણાવ્યા મુજબ મહિલા જયાં સુધી બીજા લગ્ન ના કરે ત્યાં સુધી જ વિધવા ગણવામાં આવે છે તેમજ કલમ ૨૧ મુજબ જો કોઈ વિધવા કે આશ્રીત મહિલાને મૃત વ્યક્તિની મીલ્કતમાં કોઈ હિસ્સો પ્રાપ્ત થયો નથી તો મૃત વ્યક્તિના કાયદેસર વારસદારોની જવાબદારી છે કે જયારે મીલ્કતની વહેચણી કરે ત્યારે આશ્રીત વ્યક્તિ માટે પણ ભાગ કાઢવો જોઈએ.

જો કે ભારતમાં મહિલાઓ માટે ઘણા બધા કાયદાઓ છે પણ વિધવા મહિલાઓ માટે અલગથી કોઈ કાયદો નથી. વિધવાઓના અધિકારોને સુરક્ષીત કરવા માટે છેલ્લે ૨૦૧૫ માં સંસદમાં **The Women Protection Bill 2015** રજુ થયેલ આ બીલમાં વિધવા મહિલા તથા ત્યકતા મહિલાઓને અધિકાર આપવા માટે જોગવાઈ કરવામાં આવી હતી જો બીલનો કાયદો બને તો દેશમાં સૌ પ્રથમવાર રાષ્ટ્રીય વિધવા કલ્યાણ બોર્ડ બનાવવાની તેમજ વિધવા કલ્યાણ ફંડ ઉભુ કરવાની જોગવાઈ હતી પરંતુ આ બીલ ૨૦૧૫ પછી આગળ વધી શકયું નથી.

સમાજની માનસીકતા બદલાય અને વિધવા સ્ત્રીને પોતાનો અધિકાર મળે અને સમાજમાં સન્માનપૂર્વક રહી શકે તે દિશામાં સામાજીક તથા કાનુની રીતે ઘણું બધું અંતર કાપવાનું બાકી છે. કોઈપણ મહિલાને પરિવારમાં કે સાસરીમાં માનસીક કે શારિરીક ત્રાસ, કનડગતના થાય તે માટે એક કાયદો બનાવવામાં આવ્યો છે જેને **"The Protection of Women from Domestic Violence Act 2005"** તરીકે ઓળખવામાં આવે છે જે ને ગુજરાતીમાં કહીતો "ઘરેલું હિંસા રક્ષણ અધિનિયમ ૨૦૦૫" તરીકે પણ ઓળખવામાં આવે છે. આ કાયદાની કલમ ૨ (કયુ) માં જણાવ્યા મુજબ આ કાયદા મુજબ જવાબદાર એટલે કોઈપણ પુખ્ત ઉંમરનો પુરૂષ કે દુ:ખી વ્યક્તિ સાથે ઘરેલુ હિંસાથી જોડાયેલો હોય અથવા તેની સામે દુ:ખી વ્યક્તિએ રાહતની માંગણી કરી હોય તે વ્યક્તિ લગ્ન સંબધ કે અન્ય કોઈ ઘરેલું સંબધથી જોડાયેલ દુ:ખી મહિલા કે પત્ની તેના પતિ કે પતિના સગાઓ અથવા પુરૂષ ભાગીદાર સામે ફરીયાદ કરી શકે છે.

સુપ્રિમ કોર્ટના જસ્ટીસ ધનંજય ચંદ્રચુડ અને જસ્ટીસ હેમંત ગુપ્તાની બેંચે ચુકાદો આપતા જણાવેલ કે "હિન્દુ અવિભકત કુટુંબના હિસ્સામાં જયારે વિધવા મહિલાને પોતાના પતિના ઘરે રહેવા દેવામા ના આવે ત્યારે વિધવા મહિલાને સુરક્ષીત અને મજબુત બનાવવા માટે ઘરેલું હિંસાથી રક્ષણ આપતો કાયદો ૨૦૦૫ ની કલમ ૨ (કયુ) મુજબ પતિના સગાઓ મહિલાના ભાગીદારો પાસેથી રાહત મેળવી શકાય છે." કલમ ૨ (કયુ)ના આધારે સુપ્રિમ કોર્ટ પતિના બનેવીને વિધવા મહિલાનું ભરણપોષણ કરવાનો હુકમ કર્યો હતો. ચુકાદામાં જસ્ટીસ ચંદ્રચુડે જણાવ્યું હતું કે લગ્નના સંબધમાં જોડાયેલી અથવા લગ્ન જેવા જ સંબધમાં રહેતી કોઈ દુ:ખી પત્ની અથવા મહિલા પોતાના પતિ અથવા પુરૂષ અથવા મહિલાના પોતાના પતિ પુરૂષના ભાગીદારના સંબધી સામે ફરીયાદ કરી શકે છે.

કલમ ૨(કયુ) મુજબ કોઈપણ મહિલાને પોતાના પરિવારમાં કે સાસરીમાં માનસીક શારિરીક ત્રાસ ના થાય તે સારૂ એક કાયદો બનાવવામાં આવ્યો છે જેને "ઘરેલું હિંસા રક્ષણ અધિનિયમ ૨૦૦૫" તરીકે ઓળખવામાં આવે છે. વિધવા મહિલા સામે સમાજમાં અનેક પ્રકારના ભેદભાવ, અસમાનતા અને વૈમનસ્ય ભરી દ્રષ્ટી રહેલી હોય છે. વિધવા મહિલા તરફે ધૃણા, તિરસ્કારથી જોવામાં આવે છે. વિધવા મહિલાને અન્ય સામાન્ય મહિલા કરતા નિમ્ન કક્ષાની ગણવામાં આવે છે. સામાજીક ભેદભાવ રાખવામાં આવે છે ઘરના સારાનરસા પ્રસંગો પુજામાં તેને બાકાત રાખવામાં આવે છે આ અસમાનતા દૂર કરવા તથા તેને ભારતના બંધારણ તથા કાયદા મુજબ મહિલાના અધિકારોનું રક્ષણ કરે છે.

હિન્દુ ઉત્તરાધિકાર અધિનિયમ ૧૯૫૬ ની કલમ ૮ મુજબ વિધવા મહિલાને મૃતક પતિની મીલ્કતમાં સરખા ભાગની ઘણી તેને વારસદાર મુજબ મીલ્કતમાં સમાન અધિકાર આપવામાં આવ્યા છે. મૃતક પરિવારની મૃતકના પિતાની તમામ મીલ્કતમાં આ કાયદાની કલમ ૮ મુજબ વિધવા મહિલાને મીલ્કતમાં હક્ક, અધિકાર મળે છે તથા વિધવા મહિલા તેના ભાગે આવતી મીલ્કતનો ભાગ અલગ કરાવી શકે છે, માંગી શકે છે અને કાયદા દ્વારા મેળવી શકે છે જો મહિલાને તેના મળવા પાત્ર હક્ક ના મળે તો કાયદાનો સહારો લઈ પોતાનો હક્ક મેળવી શકે છે.

સમાનતા માટે સહુ પ્રયત્નરત બનીએ

WhatsApp ઑફ ધી વીક

નેહલ ગઢવી

કેમ રાખું પ્રેમ ભર્યું આચરણ
સભ્યતા શું કામની તારા વગર
સાથ આપે આ સમય ને શક્ય છે
શક્યતા શું કામની તારા વગર

- 'વિભવ'

આજના આ સભ્ય સમાજમાં આપણે સ્ત્રીને પુરુષ સમોવડી તો કયારેક પુરુષાથીયે વિશેષ હોવાનો દરજ્જો આપ્યો છે. પણ દરેક બાબતની જેમ અહીં પણ સિક્કાની બીજી બાજુ સદીઓથી એક અંધારપટ છવાયેલો છે. વર્ષોથી આપણા ઘરે કામ કરવા આવનાર બહેનો, કચરા, પોતા, વાસણ, કપડા અને રસોઈ જેવા કામ કરીને પોતાનું ગુજરાન ચલાવે છે. પોતાના ઘરની તમામ જવાબદારી આવી સ્ત્રીઓને શિરે હોય છે અને તેમનાં ઘરના 'મોભી' પુરુષ કયારેક દારૂ પીને તો કયારેક અન્ય સ્ત્રીઓ સાથે સંબંધ બાંધીને આ સ્ત્રીઓને ઢોર માર મારતા આજે પણ જોવા મળે છે.

જયાં ભણતર છે ત્યાં સુધારો ચોક્કસપણે થયો છે પણ જયાં ગરીબી, અજ્ઞાન અને મંદવાડ છે ત્યાં આજે પણ પરિસ્થિતિ સાવ છેલ્લી કક્ષાની જ છે. આવી સ્ત્રીઓ જેના ઘરે કામ કરવા જાય છે ત્યાં સ્ત્રીઓની સ્થિતિ તદ્દન જુદી જ હોય છે અને આવી સ્થિતિને સતત નજર સામે જોવા છતાં તે એક મૂંગા પશુની જેમ પોતાના જીવનનો ભાર વેંઢાર્યા જ કરે છે. જે અત્યંત દુ:ખદાયક બાબત છે. ખરું શિક્ષિત પુરુષ અને સ્ત્રી સૌને સાચા અર્થમાં સમતાપૂર્વક જીવતાં શીખવવું એ છે. મનુભાઈ પંચોળીએ શિક્ષણ અંગે ખૂબ સરસ વાત લખી છે :

'ભણાવવું એટલે શું ?
ભણાવવું એટલે જ્ઞાન આપવું
અને સાથે મરદાનગી આપવી.
આજે શિક્ષણનું કામ
અન્યાય સામે લડવાનું શીખવવાનું છે.
આપણા શિક્ષણમાંથી, સાહિત્યમાંથી,
એવી તાકાત જન્મવી જોઈએ કે જેથી
સામાન્ય માણસ ઊઠીને ઊભો થાય અને
અન્યાય-નિવારણ માટે લડત આપે.
શિક્ષણનું ખરું કામ આ છે :
ભણેલો માણસ શૂરવીર હોય.
સેવા પણ એને માટે જ છે :
સેવામાંથી મરદાનગી પ્રગટ થવી જોઈએ,
સામાન્ય માણસમાંથી નૂર પ્રગટવું જોઈએ.
શિક્ષણ, સાહિત્ય અને સેવાએ
જે કરવાનું છે તે આ છે.
શિક્ષણ ખાતર શિક્ષણ નહીં,
સાહિત્ય ખાતર સક્રિય નહીં.
સેવા ખાતર સેવા નહીં,
તે ત્રણેયમાંથી શક્તિ પ્રગટવી જોઈએ.
માણસ બેઠો થવો જોઈએ.
આવી તાકાત જો ન નીપજતી હોય,
તો શિક્ષણ-સાહિત્ય-સેવા બધું નકામું.'

જેટલી પણ સુપર મોમ, વુમન પોતાના પગ પર ઊભી રહીને ગૌરવપૂર્વક પોતાની જિંદગી સુંદર રીતે જીવી રહી છે તે તમામ સ્ત્રી ભેગી મળીને એવો નિર્ણય લે કે વર્ષોથી આપણા માટે, આપણા ઘરે કામ કરનાર આ તમામ 'વર્કિંગ વુમન'ને પણ વધુ કંઈ નહિ તો માત્ર તેનું આત્મસન્માન અને ગૌરવ પ્રાપ્ત કરાવે તો સમાજમાં વ્યાપી રહેલી આ અસમાન સ્થિતિને ચોક્કસ નિભાવી શકાય. મોર્ડન યુગમાં કામ કરતી સ્ત્રીઓના ઘરના સભ્યો, પુરુષો તેમને ઘરના તમામ કામમાં શક્ય એટલી મદદ કરે છે. ત્યારે એક સ્ત્રી તરીકે તેના ઘરે આવનાર કામવાળા બહેનના ત્યાં પણ આ પ્રકારનો માહોલ સર્જાય એ માટેનો થોડોક પ્રયત્ન સજાગપણે કરવામાં આવે તો તે કેટલી મોટી રાહતરૂપ બની શકે! પોતાના બાળક માટે મોંઘામાં મોંઘી વસ્તુ લાવવા ન અચકાતા આપણે, આપણે ત્યાં કામ કરવા આવનાર બહેનના બાળકના ભણતરમાં થોડો ઘણો રસ ન દાખવી શકીએ ? મંદિરો અને આશ્રમોમાં લાખો કરોડોનું દાન ન કરી શકીએ તો ચાલશે અને મોટાપાયે સમાજમાં ક્રાંતિ ન લાવી શકીએ તો ચાલશે પણ જેના કારણે આપણે ઘર-પરિવાર, બાળકો અને નોકરી એ બધું જ સરસ રીતે (મેનેજ) કરી શકીએ છીએ તેના માટે આપણાથી શક્ય તેટલી કોઈ પણ નાની-મોટી શારીરિક, માનસિક કે આર્થિક મદદ કરી શકીએ તો તેનાથી વિશેષ સમાજસેવા બીજી કઈ હોઈ શકે ?

Last Seen :

"લોકો પૂછે છે આપના પ્લાનિંગ અનુસાર
જીવનસ્તર સુધરશે ખરું ?
તો કઈ બાબતનું સ્તર સુધરવું જોઈએ
એ બાબતની પરખ વ્યક્તિ માટે જરૂરી છે.
સ્તર ચોક્કસપણે સુધરવું જોઈએ -
પરંતુ દૂધ, ફળ, શાકભાજી વગરે વસ્તુઓનું;
અને સિગરેગ, દારૂ જેવી વસ્તુઓનું સ્તર ઘટવું જોઈએ."

- વિનોબા ભાવે

- nehalgadhavi101@gmail.com

સાંયાજી ઝુલા જન્મ્યા ન હોત તો હરિવર સળગીને જાત વાઘા ભેળો વિઠ્ઠલા

પ્રસંગસર

સતીષ શામળદાન ચારણ
sscharan_aaa@yahoo.co.in

(તા. ૨૩મી સપ્ટેમ્બર, સાંયાજી ઝુલાનો પ્રાગટ્ય દિવસ છે.)

ભગવાન કૃષ્ણનો અંશ અને ખૂબ જ તન્મયતાથી કૃષ્ણ પદો ગાતા વૈષ્ણવ કવિ સાંયાજી ઝુલા કૃષ્ણ ભક્ત હતા. બ્રહ્માનંદ, રામનાથ, વખતરામ, રામપ્રતાપ, ઓપાજી આઢા અને સાંયાજી ઝુલા જેવા ચારણી કવિઓએ તેમના કાવ્યો દ્વારા કૃષ્ણ ભક્તિ શાખાને નવપલ્લિવત કરી હતી. સંવત ૧૬૩૨ ભાદરવા વદ નોમના દિવસે ઈડર તાલુકાના લીલછા ગામે શિવભક્ત પિતા સ્વામીદાસજીના સંતાન રૂપે અવતરેલા સાંયાજી ઝુલાને ગૂઢ આધ્યાત્મિક પ્રકૃતિના દર્શન કરાવવા સાધુ ગોવિંદદાસજી જેવા સમર્થ ગુરુએ દીક્ષા આપી.

માનવ સ્વરૂપે હોવા છતાં સાંયાજી અવતારી પુરૂષ હતા. સામાન્ય સંજોગોમાં તેઓ મર્ત્ય અને ક્ષણભંગુર જીવ હતા પરંતુ દિવ્ય સ્વરૂપમાં તેઓ એક રૂપે દ્વારકાના દેવતા સમક્ષ પહોંચી જતા અને બીજા રૂપે ઈડર નજીકના કુવાવામાં રહેતા. આવો જ એક પ્રસંગ ઈડરના રાવ કલ્યાણમલજીની રાજસભામાં બન્યો. દિવ્ય ચૈતન્યની અવિચળ ભૂમિકામાં આવી સાંયાજી ઝુલા પોતાના બે હાથથી કંઈક ઠારતા હોય તે રીતે હાથ મસળવા લાગ્યા અને રાખના લીધે હાથ કાળા થાય તેમ તેમના હાથ કાળા થઈ ગયા. રાવે આ બાબતે પૂછતાં યોગસ્થ એવા સાંયાજી પોતાના બાહ્ય પ્રાગટ્યને સંયમમાં રાખી બોલ્યા કે: 'દ્વારકાના દેવળના દેવના વરણાગી વાઘા સળગ્યા હતા તે ઓલવવા હાથ મસળેલ.' અને એટલે જ કહેવાયું છે કે 'ચારણ ઝુલા કુળમાં સાંયાજી જન્મ્યા ન હોત તો હરિવર સળગીને જાત વાઘા ભેળો વિઠ્ઠલા.'

તેમના રચિત ગ્રંથ 'નાગદમણ'માં કૃષ્ણ પ્રત્યે ભક્તિ, માતા જશોદાનું વાત્સલ્ય આદિને છંદ ભુજંગીમાં જોશીલા મરોડથી આલેખવામાં આવ્યા છે. ડિંગળને એની કૃત્રિમતાથી મુક્ત કરી તેની પ્રાસાદિકતા અને ઓજસનું સરલ ઉદાહરણ નાગદમણ છે. જયારે પાતાળમાંથી કૃષ્ણની વાંસળીનો સૂર અને હાસ્યસ્વર સાતમે પાતાળ અને સ્વર્ગમાં સંભળાય છે ત્યારે કવિ લખે છે...

વિકસ્સે હસે વેણ ઊંચો વજાયો, સપત્તે પતાળે સુરગ્ગે સુણાયો;
વધાઈ ! વધાઈ! જશોદા વધાઈ, કરે મોરલી નાદ ઠાઢો કનાઈ.

કૃષ્ણની દિવ્યલીલાનું આલેખન કરતાં 'નાગદમણ' અને 'રૂક્ષ્મણી હરણ' ની કદરરૂપે સોના-મહોરની ગુણ ભરેલી સાંઢણી ભગવાન કુવાવા ગામના પાદરમાં મોકલે છે. પણ નિર્વિકલ્પ સમાધિસ્થ સાંયાજી બબ્બેવાર સાંઢણીને રવાના કરી દીધી. પણ સાંઢણી પાછી આવી ત્યારે તેમની નજર એની ડોકમાં બાંધેલ તામ્રપત્ર ઉપર પડી. ભગવાન દ્વારા કદરરૂપે મોકલેલ પ્રસાદી પામી તેઓ ધન્ય થઈ ગયા અને સાંઢણી પણ ત્યાંને ત્યાં જ અદ્રશ્ય થઈ ગઈ પરંતુ સાંઢણીના પદચિહ્ન આજે પણ કુવાવા ખાતે આ વાતની સાક્ષી પુરે છે.

અકબર અને પ્રતાપ વચ્ચે હલ્દીઘાટીમાં ખેલાયેલ સંગ્રામમાં પ્રતાપની દેશદાઝ, શૌર્ય, અભિમાનની વિગતો 'રણજંગ' નામના ગ્રંથમાં લખી આ ચારણે ભારતવર્ષને વિરધર્મનું દર્શન કરાવેલ છે. 'અંગદવૃષ્ટિ' અને 'રાધાનિસાણી' એ એમની અન્ય રચનાઓ છે.

સાયાજી ઝુલાની સાહિત્યિક પ્રતિભા અને તેની કદરરૂપે ઈડરના રાવ કલ્યાણમલે લાખપસાવ અને કુવાવા ગામ આપેલ, તો મારવાડના મહારાજા ગજસિંહે તેમને લાખપસાવ આપવાની ઈચ્છા વ્યક્ત કરેલી પણ સાયાજી તો અવતાર હતા અને અવતારને માયા પ્રેરતી નથી અને તેથી જ સાયાજી ઝુલાએ તેર શેર સોનાનો થાળ સ્વીકારી જીવનનો બાકીનો પડાવ વ્રજભૂમીમાં કૃષ્ણના ચરણોમાં ગાળવા જતાં રસ્તામાં નાથદ્વારામાં શ્રીનાથજીને ભેટ ધરેલ. દરરોજ શ્રીનાથજીને આ ભેટ ધરાય ત્યારે "છે કોઈ સાંયાવત ઝુલો, હોય તો પ્રસાદી લેવા આવે" એવી ત્રણ વખત સાદ પાડવાની પરંપરા હતી.

ડિંગળના ઉચ્ચ કોટિના વિદ્વાન ભક્ત કવિ ઓપાજી આઢા (પેશુઆ-રાજસ્થાન)એ સતના મારગ ઉપર ચાલવાથી આ જીવનો ઉદ્ધાર છે તેમ કહેતાં તેમણે લખ્યું છે કે:

મનડા સોહી સમજ જૂઠ રી માયા, કાચી માટી ગરબ કિસા;
જમી કિતાક ખાયગી જબરા, જોધા અરજણ ભીમ જિસા.

(આ કાચી માટીના ઘડાનો તુ જે ગર્વ કરે છે તે આ માટી-ધરતી તો ભીમ અને અર્જુન જેવા મહારથીઓને ખાઈ ગઈ છે.)

આ પંક્તિને યથાર્થ કરતા સાંયાજી પોતાના દેહોત્સર્ગ માટે મૃત્યુના દિવસે મથુરામાં એક હજાર ગાયોનું દાન બ્રાહ્મણોને આપેલ અને સંન્યાસીઓ અને ગરીબોને ભોજન કરાવી સંવત ૧૭૦૩ને શ્રાવણ સુદ બીજના દિવસે જમુનાજીમાં નિર્વિકલ્પ જળ સમાધી લીધી.

કુવાવા ખાતે સાંયાજી ઝુલાનો ગઢ, ગોપીનાથજી મંદિર ગોખ અને માઢ, સાંઢ કુવો, સાંઢણીનું પદચિહ્ન અને લીલછામાં સાંયાજી ઝુલાના આરાધ્ય દેવ ભવનાથ મહાદેવ બિરાજેલ છે. ત્યારે વિજય રાજયગુરુના શબ્દોમાં કહિયે તો...

ગત સમયમાં પગ ઝબોળી દુર્ગ ઊભો છે હજી, સાંભારણાનાં જળ ડખોળી દુર્ગ ઊભો છે હજી.

ભીંતમાં પીપળ ઉગાડી, કાંગરા ખેરી ખડો, આંખમાં ઈતિહાસ ઘોળી દુર્ગ ઊભો છે હજી.

હાકલા, પડકાર, હલ્લા, હણહણાટી સાંભળે, યાદની તલવાર તોળી દુર્ગ ઊભો છે હજી.

નવામાં કંઈક જૂનું ભળેલું છે. જૂના વિના નવું નથી. આપણે જ આપણી પવિત્રતાને સહજ ગૌણ બનાવી છે અને તેના કારણે જ વાતાવરણમાં ગંદવાડ ઊભો થયો છે. નહિં તો ચારણ જાતિ ઉપર પરમાત્માએ મોટા ઉપકાર કરેલા છે. અભણ ચારણમાં કંઈક ચમક, નવીનતા, ટેકની રખાવટ અને સંસ્કારિકતા રહેલી છે. જેમ પાંપણો અજ્ઞાતપણે આંખોનું અહર્નિશ રક્ષણ કરતી હોય છે એમ આવા સંત ચારણો આપણા સમાજના નૈતિક સ્વાસ્થ્યનું રક્ષણ અજ્ઞાતપણે ને અવ્યક્તભાવે કર્યા જ કરે છે. આ કવિએ સંસ્કૃતિની વણજારોને, પ્રભુને, પ્રકૃતિને, પોતાના ગૌરવને, જાતિઉત્થાન અને જન્મભૂમિને પોતાને અનોખી છટાથી આરાધેલ. આવા બુદ્ધ પુરુષોએ વાવેલાના ફળો આજે આપણે ખાઈ રહ્યા છીયે ત્યારે તેમના ૪૪૩મા પ્રાગટ્ય દિવસે તેમનું સમરણ કરવા કુવાવા ગામના સાંયાજી ઝુલાના વંશજો અભેસિંહ, દિલીપ રતનદાન ઝુલા, આવડદાન, ડૉ. હિતેશદાન, પ્રો. દિલીપદાન, સુરેશદાન, નિર્મલદાન વડિલો, યુવાનો, બેનુ-દિકરીઓ ભેગા મળી આવા પરમ તત્વના સાનિધ્યમાં સાધના, આરાધના અને ઉપાસના કરે છે.

(આ લેખ હું મારા સ્નેહી અને સાંયાજીના જન્મ સ્થળ લીલછા ગામના વતની સ્વ. ખોડીદાન ચંડીદાન ઝુલાને શ્રધ્ધાંજલી રૂપે અર્પણ કરું છું.)

(મો.) ૯૪૨૮૨ ૧૯૦૩૧